(૨૦)

**પ્ર. ૧ (ક) નીચેના શબ્દોનું માગધી લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૪)**

| | માગધી | પાઠ |
|---|---|---|
| ૧. અકરણીય | **અકરણિજ્જો** | **પ્રતિક્રમણનો બીજો પાઠ** |
| ૨. ધર્મની આદિના કરનારા | **આઈગરાણં** | **સામાયિકનો આઠમો પાઠ** |
| ૩. જાણી જોઈને ઈરાદાપૂર્વક | **આકુટ્ટી** | **પહેલું અણુવ્રત** |
| ૪. પાપકર્મનો ઉપદેશ આપવાથી | **પાવકમ્મોવએસં** | **આઠમું વ્રત** |

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. સમકિતી જીવોની જીવાયોનિ લખો.

**જ. ૩૨ લાખ. બે લાખ બેઈન્દ્રિય, બે લાખ તેઈન્દ્રિય, બે લાખ ચૌરેન્દ્રિય, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેન્દ્રિય, ચાર લાખ દેવતા, ચૌદ લાખ મનુષ્યની જાતિ**

૨. શાતા ગૌરવ કોને કહે છે?

**જ. સારું આરોગ્ય કે શારીરિક સુખના સાધનો મળવાથી અભિમાન કરવું કે ન મળવા પર તેની ઈચ્છા કરવી.**

૩. સાધુપણાની યાદ અપાવનાર શબ્દ કયા છે?

**જ. સમણોઽહં, સંજય, વિરય, પડિહય.**

**(ગ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. તેરમા ગુણસ્થાને કેટલી પ્રકૃતિનો ઉદય? કયા કર્મની કેટલી પ્રકૃતિ?

**જ. ૪૨. વેદનીય – ૧, આયુષ્ય – ૧, નામ – ૩૯, ગોત્ર – ૧.**

૨. હાસ્યાદિ ષટ્કનો ઉદય કેટલા ગુણસ્થાન સુધી? શા માટે?

**જ. આઠમા. હાસ્યાદિષટ્કના ઉદયનું કારણ સંકલિષ્ટ પરિણામ છે અને નવમે એકદમ વિશુદ્ધ પરિણામ હોય છે.**

૩. સિદ્ધાંતની કઈ અપેક્ષાઓ ઉદયાધિકારમાં બતાવી છે?

**જ. વાટે વહેતા નારકીને બીજું ગુણસ્થાન હોય. ઐકેન્દ્રિયને પહેલું જ ગુણસ્થાન છે**

**(બ) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૪)**

| | ઉદય | ઉદય વિચ્છેદ |
|---|---|---|
| ૧. નીચ ગોત્ર | **૫ મા ગુણસ્થાન સુધી** | **૫ મા ગુણસ્થાનના છેડે** |
| ૨. શુભ વિહાયોગતિ | **૧૩ મા ગુણસ્થાન સુધી** | **૧૩ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. દેવાનુપૂર્વી | **૪ થા ગુણસ્થાન સુધી** | **૪ થા ગુણસ્થાનના છેડે** |
| ૪. પ્રચલા પ્રચલા | **૬ ટ્ઠા ગુણસ્થાન સુધી** | **૬ ટ્ઠા ગુણસ્થાનના છેડે** |

(૫)

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંયમમાં કોની ગતિને જોવાની છે? **(૨)**

**જ. સંયમમાં સમ્યક્ પ્રગતિ કરનારા સાધકોની આરાધક ગતિ અને સંયમમાં પ્રગતિ ન કરનારા સાધકોની વિરાધક ગતિને જોવાની છે.**

૨. કોની સાથે યુદ્ધ કરવાનું છે? શેમાં અનાસક્ત રહેવાનું છે? **(૧×૩)**

**જ. કર્મશત્રુઓ સાથે. જન્મ–મરણમાં.**

૩. કર્મનો બંધ શેનાથી થાય છે?

**જ. આત્મપરિણામોથી અને અધ્યવસાયની મુખ્યતાથી.**

૪. આણાએ મામગં ધમ્મં । અર્થ લખો.

**જ. પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ જ મારો ધર્મ છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આજ્ઞા વ્યવહાર અને આક્રાંત વાયુ એટલે શું?

**જ. આજ્ઞા વ્યવહાર – ગીતાર્થ સાધુની આજ્ઞાથી કોઈ તત્ત્વ કે પ્રાયશ્ચિત્તનો નિર્ણય કરાય તે.**
**આક્રાંત વાયુ – જોરજોરથી જમીન પર પગ પછાડવાથી ઉત્પન્ન વાયુ.**

૨. જીવ દુર્ગતિમાં કેટલા પ્રકારે જાય? કોઈપણ ત્રણ કારણ લખો.

**જ. પાંચ. હિંસાથી, અસત્ય ભાષણથી, ચોરીથી, કુશીલ સેવનથી, પરિગ્રહથી.**

૩. કયા તીર્થંકરે રાજ્ય ભોગવ્યું નથી?

**જ. વાસુપૂજ્ય સ્વામી, મલ્લિનાથ સ્વામી, અરિષ્ટનેમિ, પાર્શ્વનાથ સ્વામી, મહાવીર સ્વામી.**

૪. સૂતા જીવો કેટલા પ્રકારે જાગે? ૧, ૪, ૫ પોઈન્ટ લખો.

**જ. પાંચ. ૧. શબ્દથી–અવાજ સાંભળવાથી, ૪. નિદ્રાક્ષયથી–નિદ્રા પૂરી થવાથી, ૫. સ્વપ્નદર્શનથી– સ્વપ્ન આવવાથી.**

૫. દંડના કેટલા પ્રકાર છે? માત્ર નામ લખો.

**જ. પાંચ. અર્થ દંડ, અનર્થ દંડ, હિંસા દંડ, અકસ્માત્ દંડ, દષ્ટિ વિપર્યાસ દંડ.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કોણ પૂજનીય બનતું નથી?

**જ. જે સાધુ–સાધ્વી પ્રવ્રજિત થઈને ૫ ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત થાય છે, તે ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે, દુઃખ પ્રાપ્ત કરે છે તેમ જ આ જન્મમાં પૂજનીય બનતા નથી.**

૨. ધન્ય સાર્થવાહે કયા ફળ ખાવાની ના પાડી? શા માટે? તે ફળ કેવા છે?

**જ. નંદીફળ. તેના વૃક્ષ નીચે બેસવાથી તેમ જ તેના ફળ ખાવાથી અથવા તેની છાયામાં બેસવાથી જીવનનો અકાળે નાશ થઈ જશે. લીલા–કાળા વર્ણવાળા અને ઝેરયુક્ત છે.**

૩. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં રહેતા હતા? ત્યાંના રાજા કોણ હતા? ધન્ય સાર્થવાહ કેવા હતા?

**જ. ચંપાનગરી. જિતશત્રુ. ધન્ય સાર્થવાહ અંગોપાંગથી પરિપૂર્ણ, ગુણસંપન્ન તથા અનેક લોકો માટે આદર્શભૂત હતા.**

૪. ધન્ય સાર્થવાહે દીક્ષા લીધા પછી અને અંત સમયે શું કર્યું? ક્યાં ઉત્પન્ન થયા?

**જ. સામાયિકથી લઈને ૧૧ અંગોનું અધ્યયન. અંત સમયે એક માસની સંલેખના કરી, ૬૦ ભક્તના આહારનો અનશન દ્વારા ત્યાગ કરી દેવલોકમાં ઉત્પન્ન થયા.**

૫. ચંપા નગરી, ધન્ય સાર્થવાહ, અહિચ્છત્રા નગરી, ઘોષણાના સ્થાને શું સમજવાનું છે?

**જ. મનુષ્ય ગતિ, એકાંત દયાળુ તીર્થંકર ભગવાન, નિર્વાણ, તીર્થંકર ભગવાનની મોક્ષમાર્ગની અણમોલ દેશના**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વિજય ચોર કેટલા ચોરોનો અધિપતિ હતો? કોની માટે શરણભૂત હતો?

**જ. ૫૦૦. ઘણા ચોરો, દેશદ્રોહીઓ, વિશ્વાસઘાતીઓ, અપરાધીઓ.**

૨. સાધુએ આહાર શા માટે કરવાનો છે?

**જ. ગુરુની આજ્ઞાથી, આસક્તિથી નહિ, શરીરના વર્ણ, બળ કે રૂપની વૃદ્ધિ માટે નહિ, પરંતુ સંસારને પાર કરવા અને મોક્ષ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી આહાર કરવાનો છે.**

૩. ધન્ય સાર્થવાહ પૃથ્વી પર કેવી રીતે પડી ગયા?

**જ. ધન્ય સાર્થવાહ કુહાડાથી છેદાયેલ ચંપક વૃક્ષની જેમ, મહોત્સવ પૂર્ણ થતા નિસ્તેજ બનેલા ઈન્દ્રધ્વજની જેમ**

**ધડામ દઈને પૃથ્વી પર પડી ગયા.**

૪. ધન્ય સાર્થવાહ કઈ નગરીમાં રહેતા હતા? તેમને કેટલા પુત્ર અને પુત્રી હતા? પત્ની તથા પુત્રીનું નામ લખો.

**જ. રાજગૃહી. ૫ પુત્રો અને એક પુત્રી હતા. ભદ્રા તથા સુંસુમા.**

૫. ધન્ય સાર્થવાહે ચિલાત દાસપુત્રને ઘરમાંથી કાઢી મૂક્યા પછી તે કેવો બની ગયો?

**જ. સ્વચ્છંદી બની જુગારી, માંસભક્ષી, દારૂડિયો વેશ્યાલંપટ બની ગયો.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્વારિકા નગરીના રાજા કોણ હતા? મહારાણીનું નામ શું હતું? નગરી કેટલી લાંબી–પહોળી હતી?

**જ. કૃષ્ણ મહારાજા. પદ્માવતી. ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી.**

૨. ભગવાનનો ઉપદેશ સાંભળીને પદ્માવતીએ કૃષ્ણ વાસુદેવને શું કીધું? શિબિકા કેટલા પુરુષે ઉપાડી?

**જ. હે દેવાનુપ્રિય ! આપની આજ્ઞા હોય તો હું પ્રભુના સાંનિધ્યે દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. ૧૦૦૦.**

૩. કૃષ્ણ વાસુદેવનું મોત ક્યાં અને કેવી રીતે થયું?

**જ. દક્ષિણી સમુદ્ર તટે જતા રસ્તામાં વિશ્રામ હેતુ કૌશામ્બ્રવન ઉદ્યાનમાં વિશાળ વટવૃક્ષ નીચે પૃથ્વી શિલાપટ્ટ પર પીતાંબર ઓઢીને સૂતા હતા, તે સમયે મૃગના ભ્રમમાં જરાકુમાર દ્વારા છોડાયેલા તીક્ષ્ણ તીરથી ડાબો પગ વીંધાઈ ગયો.**

૪. કૃષ્ણ વાસુદેવની ધર્મદલાલી કેવી હતી?

**જ. દ્વારિકા નગરીના વિનાશની વાત સાંભળીને બીજાને પ્રવ્રજ્યા લેવાની પ્રેરણા કરે છે. દીક્ષિતોના પરિવાર, વ્યવહારની વ્યવસ્થા કરવાનું વચન આપે છે તેમ જ પોતાના પુત્ર, પુત્રી, પૌત્ર, પટરાણીને સંયમની સહર્ષ અનુમતિ આપે છે. આમ તેઓની ધર્મદલાલી વિશિષ્ટ હતી.**

૫. કોણ બોલે છે? કોને કહે છે? : ૧) આર્તધ્યાન ન કરો.

**જ. ભગવાન અરિષ્ટનેમિ કૃષ્ણ વાસુદેવને કહે છે.**

૨) આપ સમીપે મુંડિત થઈ પ્રવ્રજિત થવા ઈચ્છું છું.

**જ. પદ્માવતી રાણી ભગવાન અરિષ્ટનેમિને કહે છે.**

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સોમિલ શ્રાવકના અધ્યયનમાં શેની મહત્તા બતાવી છે? આપણા માટે એકાંતે શું હિતકારક છે?

**જ. સમ્યગ્દર્શન, શ્રદ્ધા. સમ્યગ્દર્શન વિનાનું ચારિત્રપાલન સફળ થતું નથી, આ વાત પર વિચાર કરી તેને આત્મસાત્ કરી આપણું જીવન તે પ્રમાણે બનાવવા પ્રયત્ન કરીએ તે જ આપણા માટે એકાંતે હિતકારક છે.**

૨. સોમિલની પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા શા માટે છે?

**જ. સોમિલે પહેલા પાર્શ્વનાથ ભગવાન પાસે ૧૨ વ્રત અંગીકાર કરેલ, પરંતુ પછી સત્સંગ ન મળતા અને મિથ્યાત્વના પર્યાયો વધતા તાપસ પર્યાયનો સ્વીકાર કર્યો.**

૩. સોમિલ બ્રાહ્મણ શેના જાણકાર હતા?

**જ. ૪ વેદ, ઈતિહાસ, નિઘંટુ (કોશ) આદિ ષષ્ટાંગવિદ્ (છ અંગનો જાણકાર) હતો. તે ઉપરાંત અનેક શાસ્ત્રોમાં નિપુણ હતો.**

૪. તાપસની દીક્ષા લઈ સોમિલે શું અભિગ્રહ ધારણ કર્યો?

**જ. જ્યાં સુધી જીવું ત્યાં સુધી નિરંતર છટ્ઠ–છટ્ઠ કરતો ચક્રવાત તપસ્યા કરીને, સૂર્યની સામે બે હાથ ઊંચા રાખીને આતપના ભૂમિમાં આતાપના લઈશ.**

૫. શ્રાવકના વ્રત ધારણ કરનારા ક્યાં જાય છે? સોમિલ શા માટે જ્યોતિષીમાં ઉત્પન્ન થયા?

**જ. વૈમાનિક દેવની. વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકાર કરવાથી, આલોચના પ્રતિક્રમણ ન કરવાથી વિરાધક થઈ જ્યોતિષીમાં ઉત્પન્ન થયા.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. ધમ્મં પિ ...... **પાના નં. ૩૯ ગાથા ૨૦** ૨. કુસગ્ગે ...... **પાના નં. ૩૪ ગાથા ૨**

૩. વુચ્છિંદ ...... **પાના નં. ૪૧ ગાથા ૨૮**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

| | **જવાબ** |
|---|---|
| ૧. શેનું વમન કરેલું છે? | **કામભોગ અને સાંસારિક પદાર્થ.** |
| ૨. પાંચ ઈન્દ્રિયોની પરિપૂર્ણતા શા માટે દુર્લભ છે? | **ઘણા જીવો વિકલાંગ જોવા મળે છે.** |
| ૩. શું છોડીને અણગાર ધર્મ સ્વીકાર્યો છે? | **ધન, સ્ત્રી વગેરેને છોડીને.** |
| ૪. મોક્ષ કેવો છે? | **ઉપદ્રવરહિત, કલ્યાણકારી, અનુત્તર.** |
| ૫. વર્તમાનમાં કયો માર્ગ ઉપલબ્ધ છે? | **ન્યાયપૂર્ણ નિર્વિકલ્પ મોક્ષ પ્રાપ્ત કરાવનાર માર્ગ.** |
| ૬. અનંતકાળ ક્યાં પસાર કર્યો છે? | **વનસ્પતિકાય.** |
| લગાતાર ૭/૮ ભવ કોણ કરે? | **મનુષ્ય–તિર્યંચ.** |

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વ્યાખ્યા લખો.

**જ.** હિયમાણ – **જીવોની સંખ્યા ઘટે.**

સોવચય–સાવચય – **વૃદ્ધિ, હાનિ.**

અવસ્થિત – **જીવોની સંખ્યા ન ઘટે, ન વધે.**

ક્તિ સંચય – **એક સમયમાં એક્સાથે બે જીવોથી સંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.**

૨. સિદ્ધને સંચય કેટલા? કયા કયા? વર્ધમાનની સ્થિતિ લખો.

**જ. બે. ક્તિ સંચય, અવક્તવ્ય સંચય. જ. ૧ સમય ઉ. ૮ સમય.**

૩. ભવનપતિ દેવ અને સમડીની સાવચયની સ્થિતિ લખો.

**જ. ભવનપતિ દેવ અને સમડીની – જ. ૧ સમય ઉ. આવલિકાના અસંખ્યાતમા ભાગની.**

૪. સમુચ્ચય જીવમાં સોવચય આદિ કેટલા અને કયા ભાંગા લાભે? તે કેવા છે? આ ભાંગો કેટલા દંડકમાં હોય?

**જ. એક. નિરૂવચય–નિરવચયા. તે શાશ્વત (સર્વાદ્ધ) છે. ૨૪.**

૫. દેવમાં કેટલા સંચય લાગે? કયા કયા? હિયમાનની સ્થિતિ લખો.

**જ. ૩. ક્તિ સંચય, અક્તિ સંચય, અવક્તવ્ય સંચય. જઘ. ૧ સમય ઉત્. આવલિકાનો અસં.મો ભાગ.**

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વિષય શક્તિ દ્વાર લખો.

**જ. ઔદારિક શરીરનો વિષય ૧૫ મા રુચક દ્વીપ સુધી જવાનો. વૈક્રિય શરીરનો વિષય અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી જવાનો. આહારક શરીરનો વિષય ૧૫ મા અઢીદ્વીપ સમુદ્ર સુધી જવાનો. તૈજસ–કાર્મણ શરીરનો વિષય સર્વ લોકમાં જવાનો.**

૨. કયા શરીરવાળા વિવિધરૂપ બનાવે? કેટલી દિશાનો આહાર કરે? પ્રયોજન શું છે? સ્વામી કોણ?

**જ. વૈક્રિય. ૬ દિશાનો. વિવિધ રૂપ કરવાનું. નારકી, દેવ, વાયુકાય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય.**

૩. આહારક શરીરનો અંતર, સ્થિતિ, દ્રવ્યાર્થક અને સંસ્થાન દ્વાર લખો.

**જ. જ. અંતર્મુહૂર્ત ઉ. દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન અથવા બીજી રીતે હોય અથવા ન હોય. જ. અંત. ઉ. અંત. જ. ૧–૨–૩ ઉ. પૃથક્ હજાર, ૧ સમચતુરંસ્ર.**

૪. શરીર એટલે શું? કેટલા છે? કયા શરીરથી મોક્ષમાં જવાય? તેની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી?

**જ. જે ક્ષણે ક્ષણે ક્ષીણ થાય. જે આત્મપ્રદેશોને અવગાહીને રહે. પાંચ. ઔદારિક. ૧૦૦૦ યોજન ઝાઝેરી.**

૫. પ્રદેશાર્થક દ્વાર લખો.

**જ. સર્વથી થોડા આહારકના પ્રદેશ, તેથી વૈક્રિયના પ્રદેશ અસં.ગુણા, તેથી ઔદારિકના પ્રદેશ અસં.ગુણા, તેથી તૈજસના પ્રદેશ અનંતગુણા, તેથી કાર્મણના પ્રદેશ અનંતગુણા.**

(૧૦)

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો.**

૧. વચનયોગી તિર્યંચમાં – **૧૩ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા.**

૨. અધોલોક ત્રસ ઔદારિકમાં – **૨૯ ૪૮ તિર્યંચના ભેદમાંથી ૨૨ એકેન્દ્રિયના વર્જીને ૨૬, ૨ સંજ્ઞી મનુષ્યના ૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા.**

૩. મિશ્ર દૃષ્ટિ ગર્ભજમાં – **૨૦ ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને ૧૫ કર્મભૂમિ એ ૨૦ ના પર્યાપ્તા.**

૪. ઊર્ધ્વલોક દેવીમાં – **૬ પહેલું દેવલોક, બીજું દેવલોક, પહેલું કિલ્વિષીક એ ત્રણના અપર્યાપ્તા અને પર્યાપ્તા.**

૫. કેવળીમાં – **૧૫ કર્મભૂમિના પર્યાપ્તા.**